ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૬ ટકા

# વાવોલના સફાઈ કામદારની દિકરી ઝળકી

## વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં અભ્યાસ કરતી ટવીન્કલે ૭૬ ટકા સાથે બીજો ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા.૬

વાવોલ ખાતે આવેલી શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓએ પોતાની મહેનત દ્વારા સમાજમા સુંદર ઉદાહરણ રજૂ કર્યું છે. મધ્યમ વર્ગીય પરિવારના બાળકોએ બોર્ડની પરીક્ષામાં મેદાન માર્યું છે. જેમાં પ્રથમ ક્રમે ભાર્ગવ દરજી (૮૦ ટકા), દ્વિતીય ક્રમે ટવીન્કલ નાડિયા (૭૬ ટકા) અને તૃતીય ક્રમે ઉન્નતિ વસાવાએ (૭૦ ટકા) મેળવી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે. આ શાળામાં વર્ષની ફી દોઢસો જેટલી સામાન્ય રકમ હોય છે. આ સામાન્ય રકમ ભરવામાં પણ કેટલાક વિદ્યાર્થીઓના માતા પિતાને મુશ્કેલીઓ પડે છે. જેમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયેલી ટવીન્કલ નાડિયાના પિતા સફાઈ કામ કરે છે. મોંઘવારીના માર વચ્ચે સ્કૂલોની ફીમાં વધારો થયો હતો તેવામાં વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં એડમિશન લેવાનું વધારે ઉચીત માન્યુ ંહતું. એમ.બી. પટેલ શાળામાં અભ્યાસ કરવા માટે આવતા બાળકોમાં દરેક વર્ગના બાળકો શિક્ષણ લઈ રહ્યા છે. જેમાં ગરીબ બાળકોની સંખ્યા વધારે છે. પોતાના માતા પિતાની મહેનતને સાકાર કરવા માટે આ બાળકોએ ખૂબ જ મહેનત કરી છે. રાત દિવસ વાંચન કરીને કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈને સારુ એવું પરિણામ હાંસલ કરી બતાવ્યું છે. વાવોલમાં ગોકુળપુરા વિસ્તારમાંથી સૌથી વધારે બાળકો આ શાળામાં અભ્યાસ અર્થે આવે છે. જેઓ સામાન્ય પરિવારમાં રહીને આટલું સારું પરિણામ લાવ્યા છે. માતા પિતા પોતાના વેપાર ધંધામાં વ્યસ્ત હોય છે અને બાળકોએ પોતાની જાતે મહેનત કરીને બોર્ડની પરીક્ષા સારા માર્કસ મેળવીને પાસ કરી છે. જયારે કેટલાક બાળકોને માતા પિતા પણ બોર્ડની પરીક્ષા તૈયારી માટે મહેનત કરતા જોવા મળતા હોય છે પરંતુ આ બાળકોએ પોતાની જાતે પરિશ્રમ કરીને ફળ પ્રાપ્ત કર્યું છે.



સેકટર-૫માં ઉભરાતી ગટરોની સમસ્યા ખુબ છે. વસાહતીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવે છે પરંતુ સમસ્યાનો ઉકેલ આવતો નથી. ઓટોમેટીક રીતે ગટર સાફ કરતું ડ્રેનેજ કલીનીંગ મશીન સેકટર-૫માં સતત કામગીરી કરતું નજરે ચઢી રહ્યું છે.

## ઓમલેટની લારી ચલાવતા મનોજભાઈના દીકરાને ધો-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૧ ટકા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં ઓમલેટની લારી ચલાવતા મનોજભાઈ પરમારના દીકરા એ ધોરણ ૧૦ બોર્ડ ની પરીક્ષામાં ૮૧ ટકા મેળવ્યા છે. જેનું નામ દર્શન પરમાર છે. જેણે સોરઠ કારડીયા સ્કૂલ માં અભ્યાસ કર્યો છે તેમની દીકરી ચૌધરી કોલેજ માં નર્સ તરીકે કાર્યરત છે અને હવે દીકરો પણ સારા એવા માર્કસ સાથે ઉતીર્ણ થયો છે અને આગળ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ની તૈયારી કરીને યુપીએસસી પાસ કરવા માંગે છે.



# આજે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ

## વર્ષ-૨૦૨૨ની થીમ ''સલામત ખોરાક, વધુ સારૂ સ્વાસ્થ્ય''

ગાંધીનગર, તા. ૬

૭ જૂન એટલે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ. જેમાં આ વર્ષે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની થીમ ''સલામત ખોરાક, વધુ સારૂ સ્વાસ્થ્ય'' છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ખોરાકજન્ય જોખમોને રોકવા, શોધી કાઢવા અને તેનુ સંચાલન કરવા તથા માનવ સ્વાસ્થ્યને સુધારવા માટે દર વર્ષે વર્લ્ડ ફૂડ સેફટી ડે ઉજવવામાં આવે છે. વૈશ્વિક સ્તરે દર વર્ષે દસમાંથી એક વ્યક્તિ ખોરાકજન્ય રોગોથી પ્રભાવિત થાય છે. જ્યારે સલામત ખોરાક એ સારા સ્વાસ્થ્યનું માર્કર છે. ત્યારે અસુરક્ષિત ખોરાક ઘણા રોગોનું કારણ બની શકે છે. ખરાબ ખોરાકની ગુણવત્તા આરોગ્યની સ્થિતિ



બગાડવામાં ફાળો આપે છે. જેમ કે ક્ષતિગ્રસ્ત વૃદ્ધિ અને વિકાસ, સૂક્ષ્મ પોષક તત્વોની ઉણપ, બિન-ચેપી અથવા ચેપી રોગો અને માનસિક બીમારી. ખોરાકજન્ય રોગો સામાન્ય રીતે આંખ માટે અદશ્ય હોય છે અને ચેપી અથવા ઝેરી હોય છે. જે ખાદ્ય સુરક્ષાને ગંભીર મુદ્દો બનાવે છે. વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ એ સંદેશ પ્રસારિત કરવા માટે ચિન્હિત કરવામાં આવે છે કે દરેક તબક્કે ખોરાક સુરક્ષિત રહેવો જોઈએ. વિશ્વ ફૂડ સેફટી ડે નો ઉદ્દેશ્ય ખોરાક પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો છે. જેથી કરીને વધુ સારા સ્વાસ્થ્યને ટકાવી અને ખોરાકજન્ય રોગોને અટકાવી શકાય. આ દિવસ એ સુનિશ્ચિત કરવા માટે તક પણ પ્રદાન કરે છે કે આપણે જે ખોરાક ખાઈએ છીએ તે સલામત છે અને વૈશ્વિક સ્તરે ખોરાકજન્ય બિમારીઓનો બોજ ઓછો કરે છે. વર્ષ-૨૦૨૧માં વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની થીમ 'સ્વસ્થ કાલ માટે આજનું સુરક્ષિત ભોજન' હતી.

## જન્મદિને વધામણી



હિરલ ખંત ગડ



જીજ્ઞેશ કુમાર પંડયા



દિલીપભાઈ રમેશચંદ્ર રાવલ
વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧



હિરલ પટેલ
પોસ્ટલ, આસિસ્ટન્ટ



સમય સ્વામી
મો. ૭૦૧૬૯ ૦૫૭૬૬



ચિરાગ હસમુખભાઈ ઠાકોર

## કૃષિભવનમાં રેકર્ડ મેનેજમેન્ટ તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૬

કૃષિભવન ગાંધીનગર મુકામે તાજેતરમાં એક દિવસની 'રેકર્ડ મેનેજમેન્ટ' તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં ૫ કરતા વધારે અધિકારીઓ હાજર રહ્યા હતા. વિષય નિષ્ણાત તરીકે ગુજરાત રાજય અભિલેખાગાર ખાતું ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જીતેન્દ્ર વી. શાહ અને આર્કાઈવ્ઝ આસીસ્ટંટ જિજ્ઞાસા એસ. મહેતા હાજર રહ્યા હતા. આ તાલીમમાં અધિકારીઓને ભારતમાં રેકર્ડનો ક્રમશઃ વિકાસ, રેકર્ડનું વર્ગીકરણ, રેકર્ડની વિવિધ ક્ષેત્રે ઉપયોગીતા, રેકર્ડ નાશની પ્રક્રિયા, રેકર્ડ શોધવાના વિવિધ માધ્યમો, આર.ટી.આઈ અને રેકર્ડ, ખાતાનાં પ્રકાશનો-શાસનસૂત્રો વગેરે વિશે રસપ્રદ સમજૂતી પૂરી પાડી હતી. આઝાદી કા અમૃત મહોત્સવને અનુલક્ષીને આ પ્રસંગે ૨૦૦ કરતાં વધારે જૂના ઐતિહાસિક દસ્તાવેજોનું એક પ્રદર્શનનું આયોજન તેમજ તાલીમાર્થીઓ સાથે પ્રશ્નોત્તરીનું પણ આયોજન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વહીવટી અધિકારી સી.કે. ખરાડી દ્વારા કરવામાં આવ્યું હતું.



એક જમાનો હતો જયારે ગામડાઓમાં માનવ દ્વારા વિજળીના થાંભલા લગાવાતા ત્યારે આ થાંભલા ઉઠાવનાર મજૂર બોલતા જોર લગાકે હૈસો હવે ટેકનોલોજી દ્વારા આરામથી ક્રેનથી લોખંડની પાઈપ એક કીલો મીટર લઈ જવાય છે. એક કામદાર ટચલી આંગળી અડાડી આરામથી આ વજન લઈ જતો ક્રેનથી સાથે બગીચામાં ફરતો હોય એમ પાઈપ લઈ જઈ રહ્યો છે.

## ચાલો પ્રાર્થના સભા-પુષ્પાંજલિમાં જોડાઈએ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા મહાનગર પાલિકાના સૌજન્યથી ૧૯૯૬થી અસ્થિ વિસર્જન સેવા કરે છે જે સુવિદિત છે. ૧૧ જૂનના રોજ સવારે ૯.૧૫ કલાકે પ્રાર્થના સભા તથા પુષ્પાંજલિનું આયોજન સે-૩૦, અંતિમધામ ખાતે રાખવામાં આવ્યું છે. જેમાં ૧૧-૩-૨૨થી ૧૦-૬-૨૨ દરમિયાન સ્વર્ગસ્થ થયેલા સ્વજનો કે જેના અગ્નિ સંસ્કાર ગાંધીનગર અંતિમધામ, સરગાસણ કે દહેગામ ખાતે થયા હોય તેમના અસ્થિપુષ્પ લઈ ઉદય ત્રિવેદી, કરશનભાઈ પરમાર હરિદ્વાર જવા ૧૧ જૂને હરિદ્વાર મેઈલ દ્વારા રવાના થશે. આ સ્વજનોના અસ્થિને પુષ્પાંજલિ આપી વિદાય કરવામાં આવશે જેમાં સૌ સ્વજનોને જોડાવામાટે જણાવાયું છે. આ સમગ્ર વ્યવસ્થા અરુણ બુચ, શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી, મુકેશ શુકલ, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ દ્વારા થઈ રહી છે. જેમાં અત્યાર સુધી ૪૧,૪૦૦ સ્વજનોના અસ્થિનું વિસર્જન હરિદ્વાર ગંગાતટે કરાયું છે. આ સેવા વિના મૂલ્યે થઈ રહી છે. હરિદ્વાર મેઈલ સવારે ૧૧ વાગ્યે પ્લેટફોર્મ ૧ પર હશે જેની નોંધ લેવા જણાવાયું છે.



અમદાવાદ ખાતે યોજાયેલા સૌથી મોટા હંગરીતો ફૂડ ફેસ્ટિવલમાં ગાંધીનગર ના ડી.જે. માસ્ટર ડી.જે રોકી, ડી.જે દિપકોન અને ડ્રમર ઈશાન એ ડીજેના તાલે હજારો લોકોને ઝુમાવ્યા હતા.

## નાટક અને નૃત્ય દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ડોટ ટુ ડ્રોઈંગ ફાઉન્ડેશનમાં જીતેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ જન જાગૃતિ માટે એક નૃત્ય અને એક શેરી નાટકની પ્રસ્તુતિ ડોટ ટુ ડ્રોઈંગ ફાઉન્ડેશનના આંગણે અને ભાથીજી નિવાસમાં કરવામાં આવી હતી તેમજ જાગૃતતા માટે રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નાટક અને નૃત્યની પ્રસ્તુતિમાં ૨૭ બાળકોએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લખનીય છે કે, સંસ્થા આર્થિક અને સામાજિક રૂપે પછાત બાળકો સર્વાંગી વિકાસ હેતુ છેલ્લા ૫ વર્ષોથી બાળકો માટે નિઃશુલ્ક શૈક્ષણિક, આધ્યાત્મિક, મનોવૈજ્ઞાનિક, કળાકિય (ડાન્સ, ડ્રામા, ક્લાસિકલ વોકલ, પબ્લિક સ્પીકિંગ, રાઈટિંગ, સ્ટોરી ટેલીંગ...) વગેરેના વર્ગોનું આયોજન કરી રહી છે.





ગાંધીનગર સી.એસ.સી દ્વારા જુસિકાના ગાર્ડનમાં એક વૃક્ષ વાવીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી.

## મહિલા પતંજલી યોગ સમિતિ દ્વારા ૪૦ દિવસીય યોગ શબિરિ યોજાઈ





ગાંધીનગર, તા.૬

મહિલા પતંજલી યોગ સમિતિ દ્વારા આયોજિત સહયોગ પ્રશિક્ષણ શિબિરનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

શિબિરના અંતિમ દિવસે પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના ભીષ્મ પિતા સમાન જોષી દાદાના હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું.ત્યારબાદ પ્રાણાયામથી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી.

અંતિમ દિવસે સંસ્થા દ્વારા તમામ સેવાભાવી યોગીજનોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. પતંજલી યોગ સમિતિના અધ્યક્ષ યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરી તથા મહિલા પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ ડોક્ટર નેહલ દેસાઈ દ્વારા તમામ કાર્યકર્તાઓનો હૃદયના ઊંડાણથી આભાર માનવામાં આવ્યો હતો. ૪૦ દિવસથી ચાલી રહેલ યોગ શિબિરનું સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા યોજી પુર્ણાહુતી કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. યાદવ ફુલનદેવી મોન્સારામ, ઉ.વ. ૯૨, કુડાસણ
- સ્વ. કરૂઆ નારણભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૩
- સ્વ. શાહ મંજુલાબેન મણીલાલ, ઉ.વ. ૭૩, મહુન્દ્રા
- સ્વ. વ્યાસ મહેશભાઈ કાશીરામ, ઉ.વ. ૬૬, સેકટર-૨૮
- સ્વ. ખીમસુરીયા માલજીભાઈ જીવરાજભાઈ, ઉ.વ. ૫૪, સેકટર-૨૪

# ગાંધીનગર જીલ્લા કક્ષાની ઓપન એર રાઈફલ શુટીંગ સ્પર્ધા યોજાઈ

## જિલ્લાના ૭૫ જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો : એસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ.ડો.જશવંતસિંહજી રાઠોડને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાઈફલ એસોસિએશન દ્વારા ગત તા. ૨૯ અને ૩૦ મે, ૨૦૨૨ રવિવારથી સોમવારના રોજ ૩૧મી ઓપન એર રાયફલ શૂટીંગ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ગાંધીનગરના કોબા નજીક પીડીપીયુ રોડ પર સિલિકોન હિલ્સના ચોથા માળે કાર્યરત એસોસિયેશન સાથે એફિલીટેડ સ્પોર્ટ્સ ક્લબ 'કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશન'ની શુટિંગ રેન્જ ખાતે યોજાઈ હતી જેમાં ૧૦ મીટર એર રાઈફલ અને એર પિસ્ટલ માટે મેચ ઈવેન્ટ પણ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૭૫ જેટલાં યુવા અને માસ્ટર્સ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

કોરોના મહામારીના કપરાં બે વર્ષ બાદ યોજાયેલી આ સ્પર્ધાના પ્રારંભે ડિસ્ટ્રીકટ રાઈફલ એસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ.ડો.જશવંતસિંહજી રાઠોડને સંસ્થાના ઉત્થાન બદલ તેમણે આપેલા ઉત્કૃષ્ટ યોગદાનને યાદ કરવા સાથે બે મિનિટ મૌન પાળીને





શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી. સ્પર્ધાનું ઉદ્ઘાટન એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ સોલંકીએ કર્યુ હતું અને તેમણે સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં હાજર સિનિયર ખેલાડીઓ દ્વારા શુટીંગ ટેકનિક્સ, એનઆરએઆઈના મેચ નિયમો જેવી બાબતે માર્ગદર્શન આપ્યા બાદ એસોસિયેશનના મંત્રી હિતેન્દ્રસિંહજીએ સ્પર્ધાને સફળ બનાવવા માટે સૌનો આભાર માન્યો હતો. ખજાનચી તેમજ સહમંત્રી ગજેન્દ્રસિંહ બારડ દ્વારા સ્પર્ધાની યજમાની કરવા સાથે તમામ શૂટરો માટે ચા પાણી નાસ્તાની વિનામૂલ્યે સુંદર વ્યવસ્થા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના પિતાશ્રી નરપતસિંહજી બારડે પણ સસ્તામાં ઉત્થાન માટે વારંવાર આ પ્રકારની મદદ કરીને ગાંધીનગરમાં શૂટિંગની રમતને આગળ ધપાવવાનું કાર્ય કર્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત હરિસિંહજી રાઠોડે તમામ સ્પર્ધકોને આશીર્વચન પાઠવ્યાં હતાં. સ્પર્ધા માટેના તમામ સંકલન તેમજ શૂટિંગ વ્યવસ્થા અમિતસિંહ મસાણી તથા હિરેનસિંહ મસાણીએ ભારે જહેમત ઉઠાવીને કરી હતી. સ્પર્ધામાં રેન્જ ઓફિસ તરીકે જય મહેતા, જીલ પટેલ, વિમલ પ્રજાપતિ અને યુગ પારેખે અને મેચ ઓફિશિયલ તરીકે કુ. હિરલ સોલંકી, કુ. કાજલ વૈષ્ણવ તથા ચેતન શાહે પણ જવાબદારી નિભાવી હતી. એસોસિયેશન દ્વારા ટૂંક સમયમાં સ્પર્ધાના વિવિધ કેટેગરીના વિજેતાઓને મેડલ તથા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૬

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે સેકટર-૨૫ના બગીચામાં વિશ્વ પાર્યાવરણ દિવસાની ઉજવણીના ભાગરૂપે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાનૂની શિબિરમાં પેરાલીગલ એડવાઈઝર વિમળાબેન અયાચીએ સે-૨૫ના બગીચામાં હોસ્ટેલના બાળકો અને વસાહતીઓ મારફતે વૃક્ષારોપણ કર્યું હતું. વૃક્ષારોપણ બાદ વિમળાબેન અયાચીએ બાળકોને પર્યાવરણનું મહત્વ અને જતન તેમજ પર્યાવરણથી થતા લાભો વિષે માહિતગાર કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં બાળકોએ અને વસાહતીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના સુપ્રિટેન્ડેન્ટ હિરલબેન અયાચી હજાર રહ્યા હતા તેમજ ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના મિલાપ ટાટરીયા ઉપસ્થિત રહ્યા હતા.